**Sessions Case No. 63/2024**

| | |
|---|---|
| Received on | 12-07-2024 |
| Registered on | 12-07-2024 |
| Decided on | 13-03-2025 |
| Duration | 01 - 08 - 01 |
| | YY - MM - DD |

सत्यमेव जयते

# ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર

=======================================================

**ચુકાદો આપ્યાની તારીખ :** **સેસન્સ કેસ નં. ૬૩/૨૦૨૪**

**તા: ૧૩–૦૩–૨૦૨૬** **આંક – ૪૯**

( રખીયાલ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજી. નં. ૧૧૨૧૬૦૧૨૨૪૦૦૬૩/૨૦૨૪,
ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૪૩,૧૪૭,૧૪૮,
૧૪૯ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ )

**–:: ફોર્મ–એ ::–**

| | | |
|---|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર (ફરીયાદી શ્રી બાબુજી સોમાજી પરમાર (ઠાકોર) | |
| ફરીયાદી તરફે | વિધ્વાન એ.પી.પી.શ્રી પી.ડી.વ્યાસ. | |
| આરોપી | **૧. ગુલામનબી મુસ્તુફામીયા ઉર્ફે મુસાભાઈ મલેક,** | ઉ.વ.૪૨ |
| | **૨. અશ્ફાક ગુલામનબી મલેક,** | ઉ.વ.૨૦ |
| | **૩. મહંમદ સહેજાદ ગુલામનબી મલેક,** | ઉ.વ.૨૨ |
| | **૪. સમીરમીયા સન/ઓ ગુલાબમીયા અહેમદમીયા મલેક** તમામ રહે. રહે. ધારીસણા, ગામ, મસ્જીદના પાછળ સીધી વાસ, તા.દહેગામ, જી.ગાંધીનગર, | ઉ.વ.૨૧ |
| આરોપી તરફે | વિ.વકીલ શ્રી. એમ.જે.દિવાન | |

**–:: ફોર્મ–બી ::–**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૯/૦૮/૨૦૨૩ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૧૦/૦૮/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૦૫/૧૦/૨૦૨૩ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૩ |

**Sessions Case No. 63/2024**

| | |
|---|---|
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૬/૦૯/૨૦૨૪ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૫ |
| ચુકાદો આપ્યા તારીખ | ૧૩/૦૩/૨૦૨૫ |
| સજાનો હુકમ સંભાળ્યાની તારીખ, જો હોય તો | -------- |

## -: આરોપીની વિગતો :-

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજા ની વિગતો | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમય ગાળો (Cr.P.C.Se. 428 મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગુલામનબી મુસ્તુફામીયા ઉર્ફે મુસાભાઈ મલેક, | ૧૦/૩/૨૪ ના કલાક ૧.૦૦ | ૧૯/૩/૨૪ | ભારતીય દંડ સંહિતાની કલમ -૩૦૭,૩૨૩, ૫૦૪,૫૦૬(૨) ,૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૫ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | -------- |
| ૨ | અશ્ફાક ગુલામનબી મલેક, | ૧૨/૩/૨૪ ના કલાક ૧૯.૪૫ | ૧૯/૩/૨૪ | --સદર-- | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | -------- |
| ૩ | મહં મદ સહેજાદ ગુલામનબી મલેક, | ૧૨/૩/૨૪ ના કલાક ૧૯.૪૫ | ૧૯/૩/૨૪ | --સદર-- | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | -------- |
| ૪ | સમીરમીયા સન/ઓ ગુલાબમીયા અહેમદમીયા મલેક | ૧૨/૩/૨૪ ના કલાક ૧૯.૪૫ | ૧૯/૩/૨૪ | --સદર-- | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | -------- |

## :: <u>જજમેન્ટ</u> ::

**તા. ૧૩-૦૩-૨૦૨૬**

**૦૧.** આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૪૩,

૧૪૭,૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુના સંબંધેના આક્ષેપ છે.

૦૨. **ફરીયાદ પક્ષનો કેસ :** –

ફરીયાદીએ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ અશ્વિનભાઈ કોદરભાઈ, અ.હે.કો. રખિયાલ પોલીસ સ્ટેશન ગાંધીનગર સમક્ષ ફરીયાદ આપેલી છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે :–

- આ કામના ફરિયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે તેમના પરીવાર સાથે રહે છે. ખેતી/વેપાર કરી ગુજરાન ચલાવે છે.
- તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ તેમના ગામના બળીયાદેવના મંદિરના ખુલ્લા શેડવાળા હોલમાં ધ્યાન શિબિરનો ધાર્મિક કાર્યક્રમ હોય ફરીયાદી ત્યાં હાજર હતા ત્યારે બપોરના બે વાગ્યાના સુમારે ધ્યાન શિબિરની સામે રોડની પેલી બાજુ ગામના અરવિંદભાઈ સુથારની ફેબ્રિકેશનની દુકાન આગળ મોટા અવાજે બોલાચાલી થતી હોય ફરીયાદી ત્યાં જઈને જોતા ગામના ગુલાબનબી મુસ્તુફામીયા ઉર્ફે મુસાભાઈ મલેક તથા તેમના ત્રણ દિકરા અસ્ફાક તથા મહંમદ અહેમદ તથા મુસ્તકિમ તથા સમીર ગુલાબભાઈ અહેમદભાઈ મલેક નાઓ ઉંચા અવાજે બોલાચાલી કરી ગાળાગાળી કરતા હોય ફરીયાદીએ તેઓને ગાળા ગાળી કેમ કરો છો અહીયા અમારો ધાર્મિક કાર્યક્રમ ચાલે છે તેમ કહેતા તે લોકોએ કહેલ કે, અરવિંદભાઈ સુથાર પાસે તેઓએ કામ કરાવેલુ છે. જેના તેઓ વધારાના રૂપિયા માંગે છે. જેથી ફરીયાદીએ અરવિંદભાઈ સુથારને વાત કરતા તેઓએ કહેલ કે, ''પાંચસો રૂપિયા મજુરી કામના થાય છે. એમને જે આપવું હોય એ હું લઈ લેવા તૈયાર છું.'' તેમ કહી ગુલાબનબી તથા તેઓની સાથેના માણસોને વાત પુરી કરવાનું કહેતા તેઓ બધા ફરીયાદી સાથે ગાળા–ગાળી કરી ઝઘડો કરવા લાગેલા. જેમાં અસ્ફાકે ફરીયાદીને કહેલ કે, ''તે અહી ઉભો રહેજે હું આવું છું.'' તેમ કહી અસ્ફાક તથા તેના ભાઈઓ બધા ત્યાંથી જતા રહીને થોડી વારમાં આ બધા પાછા આવેલા. જેમાં અસ્ફાકે તેના હાથમાંના ખંજર (છરો) વડે ફરીયાદને જાનથી જાનીથી મારી નાંખવાના ઈરાદે ગળાના ભાગે હુમલો કરતા ફરીયાદી નમી જતા ખંજક (છરો) તેમને જમણા કાનના ભાગે વાગી જતા ગંભીર ઈજાઓ થયેલી તે વખતે તેમના પિતા તથા ભાઈઓએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારતા હતા ત્યારે ફરીયાદીના ભત્રીજો કુલાજી મનુજીએ આવીને તેઓને તે લોકોના મારમાંથી છોડાવવા વચ્ચે પડતા મુસ્તકિમે તેના હાથમાંનો છરો મારતા ફરીયાદીના ભત્રીજાને ગાલના ભાગે વાગી ગયેલ. તે વખતે બસ સ્ટેન્ડ ઉપરના માણસો આવી

જતા તેઓ બધા ત્યાંથી જતા હતા ત્યારે જતા જતા કહેતા હતા કે, ''આજે તો બચી ગયા છો ફરીથી મળશો તો જાનથી મારી નાંખીશું.'' તેમ કહી ત્યાંથી જતા રહેલા. ફરીયાદી અને તેમના ભત્રીજાને ઈજાઓ થયેલી હોય તેઓ રીક્ષામાં બેસીને સારવાર માટે રખિયાલ સરકારી દવાખાને ગયેલા ત્યાં સારવાર ચાલુ હતી ત્યાં તેમના ગામના ઉપરોકત માણસોએ ફરીયાદી તથા તેમના ભત્રીજા સાથે ઝઘડો કરી ઈજાઓ પહોંચાડેલ હોય ફરીયાદીએ આ કામના આરોપીઓ વિરુધ્ધ બનાવ અંગેની હાલની ફરીયાદ કરેલ.

**૦૩. <u>પોલીસ કાર્યવાહી</u> :–**

- ફરીયાદી શ્રી બાબુજી સોમાજી પરમારે (ઠાકોર) તેઓની ફરીયાદ અ.હે.કો. અશ્વિનકુમાર કોદરભાઈ, રખિયાલ પોલીસ સ્ટેશન સમક્ષ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ રજૂ કરતા કે.કે.ભરવાડ, હે.કો. (PW-30) એ ફરીયાદ નોંધી લીધેલ હતી. જે રખિયાલ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજી. નં. ૧૧૨૧૬૦૧૨૨૪૦૦૬૩/૨૦૨૪ મુજબની સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં. ૧૧/૨૦૨૪ થી નોંધ કરવામાં આવેલ હતી અને આગળની તપાસ એમ.એમ. ગઢવીને ( PW-35 ) ને સોંપવામાં આવેલ.
- તપાસ દરમ્યાન તપાસનીસ અધિકારીએ જરૂરી પંચનામાઓ કરેલા, સાહેદોના નિવેદન નોંધી, ઈજા પામનારનું નિવેદન નોંધી, ઈજા પામનાર સાહેદના સારવાર સર્ટીફિકેટ મેળવી, ઈજા પામનારના કપડા કબજે કરી એફ.એસ.એલ. પૃથ્થકરણ અર્થે મોકલવા સબંધી કાર્યવાહી કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

**૦૪. <u>ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૦૭ મુજબની કાર્યવાહી</u> :–**

સદર ગુનાનું ચાર્જશીટ ક્રિમી.કેસ નં.૬૬૮/૨૦૨૪ થી એડી.જયુડી.મેજી.ફ.ક. દહેગામની અદાલતમાં રજુ થતાં આરોપીઓને સમન્સ કરતા હાજર થતા, ચાર્જશીટ તથા આંક–૦૯ થી પોલીસ તપાસના કાગળોની નકલો સી.આર.પી.સી.કલમ–૨૦૮ અન્વયે પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીઓની આંક–૪ થી આંક–૭ સુધી પ્લી/નિવેદન લેતાં તેઓની સામેનો કેસ સ્વ–ખર્ચે વકીલશ્રીને રોકી લડવા માંગતા હોવાની આંક–૦૮ થી પુરસીસ થી જણાવેલ છે. પરંતુ ચાર્જશીટ જોતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ અન્વયેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા સેસન્સ અદાલતને હોય સી.આર.પી.સી.કલમ–૨૦૯

મુજબ સદર કેસ સેસન્સ અદાલતને તા.૧૯/૦૬/૨૦૨૪ ના રોજ સેસન્સ કમીટ કરવાનો હુકમ એડી.જયુડી.મેજી.ફ.ક. દહેગામ, જી.ગાંધીનગર ની અદાલત દ્વારા કરવામાં આવેલ છે.

૦૫. **<u>તહોમતનામું અને જવાબની કાર્યવાહી :-</u>**

સદર કામ સેસન્સ કમીટ થઈ આવતા કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ અને આરોપીઓ વિરુધ્ધ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ ક્રિ.પ્રો.કોડની કલમ- ૨૨૮ અન્વયે આંક-૦૯ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબનું તહોમતનામું ફરમાવી, તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત કબુલ મંજુર છે કે કેમ ? તે અંગે પુછપરછ કરતા, આરોપીઓએ તહોમતનામા મુજબના ગુના તેઓને કબુલ મંજુર ન હોવાનું જણાવેલ અને કેસની ઈન્સાફી કાર્યવાહી તેઓ આગળ ચલાવવા માંગતા હોય, આરોપીઓનો જવાબ આંક-૧૦ થી આંક-૧૩ સુધી રેકર્ડ કરવામાં આવેલ છે અને આરોપીઓ સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૦૬. ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u> :-**

**<u>ફરીયાદી તથા સાહેદોનો પુરાવો</u> :-**

| ક્રમ | પ્રોસી. સાહેદ નં. | આંક | સાહેદની વિગત | સાહેદનું નામ | પુરાવો નોંધ્યા ની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૧ | ૧૪ | ફરીયાદી | બાબુજી સોમાજી પરમાર | ૧૦/૧૨/૨૦૨૫ |
| ૨ | ૦૨ | ૧૬ | ફરીયાદીના ભત્રીજા/ ઈજા પામનાર | કુલાજી મનુજી પરમાર | ૦૮/૦૧/૨૦૨૬ |
| ૩ | ૦૩ | ૧૭ | સાહેદ | કૌશિકભાઈ દિનેશભાઈ પટેલ | ૦૮/૦૧/૨૦૨૬ |

**<u>મેડીકલ ઓફીસરનો પુરાવો</u> :-**

| ક્રમ | પ્રોસી. સાહેદ નં. | આંક | સાહેદની વિગત | સાહેદનું નામ | પુરાવો નોંધ્યા ની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૪ | ૨૦ | મેડીકલ ઓફીસર | કૌશીક એસ.પ્રજાપતિ | ૧૬/૦૨/૨૦૨૬ |

**Sessions Case No. 63/2024**

## પોલીસ સાહેદ અને ત.ક.અમલદારનો પુરાવો :–

| ક્રમ | પ્રોસી. સાહેદ નં. | આંક | સાહેદની વિગત | સાહેદનું નામ | પુરાવો નોંધ્યા ની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૫ | ૩૦ | હે.કો. | ખોડાભાઈ કરણાભાઈ ભરવાડ | ૨૩/૦૨/૨૦૨૬ |
| ૨ | ૦૬ | ૩૫ | પી.એસ.આઇ. | મહેશકુમાર મનુભાઈ ગઢવી | ૨૩/૦૨/૨૦૨૬ |

## દસ્તાવેજી પુરાવો:–

| ક્રમ | આંક | રીફર કરવામાં આવેલ સાહેદ | વિગત | તારીખ |
|---|---|---|---|---|
| ૦૧ | ૧૫ | સાહેદ નં.૧ | ફરીયાદ | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૦૨ | ૨૧ | સાહેદ નં.૪ | એમ.એલ.સી.કેસ નં. ૪૩/૨૦૨૪ ના અસલ કેસ પેપર્સ | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૦૩ | ૨૨ | સાહેદ નં.૪ | સારવાર સર્ટીફિકેટ | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૦૪ | ૨૩ | સાહેદનં.૪ | એમ.એલ.સી.કેસ નં.૪૪/૨૦૨૪ ના અસલ કેસ પેપર્સ | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૦૫ | ૨૪ | સાહેદ નં.૪ | સારવાર સર્ટીફિકેટ | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૦૬ | ૨૫ | ------ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૦૭ | ૨૬ | ------ | ફરીયાદીએ બનાવ વખતે પહેરેલ કપડાનું પંચનામું | ૧૧/૦૩/૨૦૨૪ |
| ૦૮ | ૨૭ | ------ | આરોપીએ હથિયાર તથા કપડા બતાવતા કરેલ પંચનામું | ૧૩/૦૩/૨૦૨૪ |
| ૦૯ | ૨૮ | ------ | આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું | ૧૨/૦૩/૨૦૨૪ |
| ૧૦ | ૨૯ | ------ | કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર નાએ ગુનામાં વાપરેલ મારક હથિયાર રજુ કરેલ પંચનામું | ૩૦/૩/૨૦૨૪ |
| ૧૧ | ૩૧ | સાહેદ નં.૫ | ટેલીફોન વર્ધી | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૧૨ | ૩૨ | સાહેદ નં.૫ | સુચીપત્ર | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૧૩ | ૩૩ | સાહેદ નં.૫ | સ્ટેશન ડાયરીની નકલ | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૧૪ | ૩૪ | સાહેદ નં.૫ | એફ.આઈ.આર.ની નકલ | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૧૫ | ૩૬ | સાહેદ નં.૬ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલી આપ્યાની રવાનગી નોંધ | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૧૬ | ૩૭ | સાહેદ નં.૬ | મુદ્દામાલ એફ.એસ.એલ.ની મળ્યા અંગેની પહોંચ | ૦૧/૦૪/૨૦૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭ | ૩૮ | સાહેદ નં.૬ | મુદ્દામાલ હથિયાર એફ.એસ.એલ.ને મોકલી આપ્યાની રવાનગી નોંધ | ૧૦/૦૩/૨૦૨૪ |
| ૧૮ | ૩૯ | સાહેદ નં.૬ | મુદ્દામાલ એફ.એસ.એલ.ની મળ્યા અંગેની પહોંચ | ૧૬/૦૪/૨૦૨૪ |
| ૧૯ | ૪૦ | સાહેદ નં.૬ | હથિયાર બંધીનું જાહેરનામું | ૦૧/૦૩/૨૦૨૪ |
| ૨૦ | ૪૨ | ------ | એફ.એસ.એલ.નો અહેવાલની નકલ | ૨૦/૦૮/૨૦૨૪ |
| ૨૧ | ૪૩ થી ૪૭ | ------ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૫ ની પંચ સ્લીપો અસલ | ૧૧/૦૩/૨૦૨૪ |

**૦૭. <u>ફરીયાદ પક્ષે કલોઝીંગ :-</u>**

ફરીયાદ પક્ષ તરફે ઉપર મુજબના પુરાવા તપાસ્યા બાદ, વિધ્વાન એ. પી. પી.શ્રી દ્વારા આંક-૪૮ ની પુરશીશ થી આ કામે પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે.

**૦૮. <u>આરોપીઓનો સી.આર.પી.સી.ની કલમ-૩૧૩ મુજબ બચાવ :-</u>**

આ કામે ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો પુરો થતા, આ કામે રજુ થયેલ પુરાવા ને આધારે આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ-૩૧૩ હેઠળ વધારાનો જવાબ એટલે કે, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં તેઓએ ફરીયાદ પક્ષે લેવાયેલ પુરાવાની હકીકતનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ આવો કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. તેઓ તદ્દન નિર્દોષ છે. તેઓને ખોટી રીતે અટક કરી ખોટી રીતે ગુનામાં સંડોવવામાં આવેલ છે.

**૦૯.** આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૦/૩/૨૦૨૪ ના રોજ સાહેદ અરવિંદભાઈ સુથાર સાથે ઘોડાની જીન (સીટ) રીપેરીંગની મજુરી બાબતે ગાળા-ગાળી કરતા કરતા હોઈ, ફરીયાદીએ આરોપીઓ સામે ધાર્મિક પ્રસંગ ચાલુ હોય ગાળા-ગાળી નહી કરવાનું કહેતા તમામ આરોપીઓ એકસંપ થઈ, મંડળી રચી, હથિયાર ધારણ કરી, તા.૧૦/૩/૨૦૨૪ ના કલાક ૧૪.૦૦ ના સુમારે મોજે ધારીસણા ગામે, બળીયાદેવના મંદિરની સામે, અરવિંદભાઈ સુથારની ફ્રેબિકેશનની દુકાનની આગળ આવી ફરીયાદી સાથે ગાળા-ગાળી કરી આરોપી નં.૨ અશ્ફાક મલેકે ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે પોતાના હાથમાંના ખંજર (છરો) ફરીયાદીને ગળાના ભાગે મારવા

જતા ફરીયાદી નમી જતા ખંજર (છરો) જમણા કાને મારી ફરીયાદીને ગંભીર ઈજાઓ પહોંચાડી ગડદાપાટુનો માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગાંધીનગરના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે ?

**મુદ્દા નં.૨ :** શુ હુકમ ?

૦૯. આ કામે ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧ : નકારમાં.**

**મુદ્દા નં. ૨ : આખરી હુકમ મુજબ.**

**-:: કા ર ણો ::-**

**૧૦. ફરીયાદ પક્ષની દલીલ:-**

➢ આ કામે વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટરશ્રી પી.ડી.વ્યાસે તેમની ભારપૂર્વક રજુઆત કરી જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદ મુજબનો ગુન્હો કરેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે. તે જોતાં આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ-૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. જયારે આ કામના આરોપીઓ સામે ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ આક્ષેપિત બનાવ સંબંધે કોઈ વિગત જણાવતી નથી, તેટલા કારણ માત્રથી આવો કોઈ બનાવ બનેલ જ નથી તેમ માની શકાય નહીં, તેમ જણાવી રેકર્ડ પુરાવા આધારે આરોપીઓએ આક્ષેપિત ગુન્હો કરેલ હોવાનું ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોય, આરોપીઓને તકસીરવાન ઠરાવી સજા કરવા રજુઆત કરેલ છે.

**૧૧. બચાવ પક્ષની દલીલ :-**

➢ બચાવ પક્ષે વિધ્વાન વકીલ શ્રીએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, આ કામના ઈજા પામનાર સાહેદનો ઈજા થયેલ હોય તેટલા માત્ર કારણથી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થયેલ ગણી શકાય નહીં. જયારે ફરીયાદી તથા ખુદ ઈજા પામનારના પુરાવાથી આ કામના આરોપીઓએ તેમને કોઈ ઈજા કરેલ નહી હોવાનું જણાવે છે. ઈજા પામનાર અને આરોપીઓ એક જ ગામના હોય ઓળખી બતાવે છે. ખુદ ફરીયાદીના ઉલટ તપાસ પુરાવાથી તેઓએ પોલીસને ફરીયાદ આપેલ નથી. પરંતુ પોલીસે તેમની તૈયાર

કાગળમાં સહી લીધેલ છે જેમાં શું લખેલ છે તે પણ તેઓને ખબર નથી. જેથી ફરીયાદ શંકા ઉપસ્થિત કરે છે. તેઓએ ડૉકટરને બનાવની હીસ્ટ્રી પણ જણાવેલ નથી. ખુદ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદના પુરાવાથી આરોપીઓ સામેનો આક્ષેપો પુરવાર થતો નહોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૧૨.** આ કામે આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતની વિગત જોવામાં આવે તો ફરીયાદ પક્ષ એવા કેસ સાથે આવેલ છે કે, આ કામના આરોપીઓએ તા.૧૦/૩/૨૦૨૪ ના રોજ સાહેદ અરવિંદભાઈ સુથાર સાથે ઘોડાની જીન (સીટ) રીપેરીંગની મજુરી બાબતે ગાળા–ગાળી કરતા કરતા હોઈ, ફરીયાદીએ આરોપીઓ સામે ધાર્મિક પ્રસંગ ચાલુ હોય ગાળા–ગાળી નહી કરવાનું કહેતા તમામ આરોપીઓ એકસંપ થઈ, મંડળી રચી, હથિયાર ધારણ કરી, તા.૧૦/૩/૨૦૨૪ ના કલાક ૧૪.૦૦ ના સુમારે મોજે ધારીસણા ગામે, બળીયાદેવના મંદિરની સામે, અરવિંદભાઈ સુથારની ફ્રેબિકેશનની દુકાનની આગળ આવી ફરીયાદી સાથે ગાળા–ગાળી કરી આરોપી નં.ર અશ્ફાક મલેકે ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે પોતાના હાથમાંના ખંજર (છરો) ફરીયાદીને ગળાના ભાગે મારવા જતા ફરીયાદી નમી જતા ખંજર (છરો) જમણા કાને મારી ફરીયાદીને ગંભીર ઈજાઓ પહોંચાડી ગડદાપાટુનો માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગાંધીનગરના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી કરેલ છે.

- તહોમતદાર તરફથી આ હકીકતનો ઈન્કાર કરેલ છે.
- ફરિયાદપક્ષ તરફથી આા હકીકત પુરવાર કરવા માટે કુલ–૬ સાહેદ અને કુલ–૨૧ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

**<u>ફરીયાદી ઈજા પામનાર સાહેદ તથા સાહેદોનો પુરાવો :–</u>**

**૧૩.૧** ફરીયાદ પક્ષ તરફથી (PW-1) ફરીયાદી બાબુજી સોમાજી પરમારને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવાને જોવામાં આવે તો, બનાવ તા.૧૦/૦૩/૨૦૨૪ નારોજ બનેલો તે દિવસે તેમના ગામના બળીયાદેવના મંદિર ખુલ્લા શેડવાળા હોલમાં ધ્યાન શિબીરનો કાર્યક્રમ હોય ત્યાં તેઓ હાજર હતા ત્યારે બપોરના બે વાગ્યાના સુમારે સદર ધ્યાન શીબીરની સામે તેમના ગામના

અરવિંદભાઈ સુથારની ફેબ્રીકેશનની દુકાનની આગળ મોટા અવાજે બોલાચાલી થતી હોઈ, જોયેલ તો ગામના મુસ્તુફામીયા ઉર્ફે મુસાભાઈ મલેક અહેમદભાઈ મલેક વાતોચીતો કરતા હતા. અને અચાનક બધા ભેગા થતા દોડાદોડી થયેલી. જેમાં ફરીયાદી અને તેમનો ભત્રીજો દોડાદોડીમાં પડી જતા ઈજાઓ થયેલી હોય બધા ભેગા થઈને રખિયાલ સીવીલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયેલાનું જણાવેલ છે. ફરીયાદીએ બનાવ અંગે આંક-૧૫ વાળી ફરીયાદ આપેલી તેમાં પોતાની સહી કરેલાનું ઓળખી બતાવે છે. આરોપીઓ અદાલતમાં હાજર છે તે જ હોવાનું ઓળખી બતાવેલ છે.

- તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહી તેમ જણાવેલ છે.

- ફરીયાદીને આરોપીઓ સાથે કોઈ કામ બાબતે ઝઘડો થયેલ હોય અને કોઈએ જાનથી મારી નાંખવાના ઈરાદે તેમને કે તેમના ભત્રીજાને છરો મારેલ હોય તેવું બનેલ નથી. બનાવ અંગે પોલીસે તેમની પુછપરછ કરી નિવેદન લીધેલાનું જણાવે છે. તેઓએ પોલીસને કપડા આપેલ તે કપડા હાલ ઓળખી શકે નહી તેમ જણાવેલ છે.

- આ સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા નથી. ફરી ગયેલા જાહેર કર્યા બાદ સરકાર તર્ફે ઉલટ તપાસ કરવા છતાં પણ ફરીયાદની હકીકતને સમર્થનકારી કથનો જણાવતા નથી.

- આ સાહેદની બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અંદરો અંદર મોટે થી વાતો કરતા હોય, ઘણા બધા માણસોનું ટોળું ભેગુ થઈ ગયેલ હોય ભાગમ-ભાગ થતા તેઓ નીચે પડી ગયેલ હોય તેઓને ઈજા થયેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમની એક તૈયાર કાગળમાં સહી લીધેલી તેમાં શું લખેલું હતું તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચીને સંભળાવેલ પણ નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ડૉકટરને બનાવ બાબતે કોઈ હીસ્ટ્રી જાતે જણાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ ગામના થતા હોય વર્ષોથી ઓળખે છે અને તેઓ સાથે તેમને કોઈ દિવસે કોઈપણ કારણસર કોઈ ઝઘડો કે બોલાચાલી થયેલી નહી.

- આ ફરીયાદી સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, બનાવ સમયે આરોપીઓ અંદરો-અંદર વાતો કરતા હોય અને માણસોનું ટોળું ભેગું થઈ ગયેલ હોય દોડા-દોડીમાં તેઓ નીચે પડી જતા તેઓને ઈજા થયેલી

છે. તેઓએ પોલીસને ફરીયાદ આપેલ નથી. પરંતુ પોલીસે તેમની તૈયાર કાગળમાં સહી લીધેલ છે જેમાં શું લખેલ છે તેની પણ તેઓને ખબર નહી હોવાનું જણાઈ આવે છે. તેઓએ ડોકટરને બનાવની હીસ્ટ્રી પણ જણાવેલ નથી. આરોપીઓ ગામના થતા હોય ઓળખે છે. આમ, ફરીયાદી સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ હોવા છતાં તેઓના પુરાવાથી આ કામના આરોપીઓ સામેના આક્ષેપીત હકીકતો પુરવાર થતી નથી.

**૧૩.૨** ફરીયાદ પક્ષ તરફથી (PW-2) સાહેદ કુલાજી મનુજી પરમારને આંક–૧૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવાને જોવામાં આવે તો, તેઓ ધારીસણા ગામે પરિવાર સાથે રહી ખેતી કામ કરે છે. ફરીયાદી તેમના કાકા થાય છે. બનાવ ૨૦૨૪ માં બનેલો. તે વખતે સાહેદ તેમના ઘર હતા ત્યારે જાણવા મળેલ કે, તેમના કાકાને ઝઘડો થયેલ છે જેથી તેઓ સ્થળ ઉપર ગયેલા ત્યારે સામાન્ય બોલાચાલી થતા જોયેલી. અને દોડાદોડીમાં વાગી જતા સારવાર લીધેલી. આરોપીઓએ તેમને ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. આરોપીઓ અદાલતમાં હાજર છે તે હોવાનું ઓળખી બતાવેલ છે. બનાવની ફરીયાદ તેમના કાકાએ આપતા પોલીસે તેમનું નિવેદન લીધેલાનું જણાવેલ છે.

- આ સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા નથી. ફરી ગયેલા જાહેર કર્યા બાદ સરકાર તર્ફે ઉલટ તપાસ કરવા છતાં પણ ફરીયાદની હકીકતને સમર્થન કારી કથનો જણાવતા નથી.

- આ સાહેદની બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઓરોપીઓ અંદરો–અંદર મોટેથી વાતો કરતા હતા અને ઘણા માણસોનું ટોળું ભેગું થઈ ગયેલ ત્યારે ભાગમ–ભાગ થતા તેઓ નીચે પડી જતા તેમને ઈજા થયેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ડોકટરને બનાવ બાબતે કોઈ હીસ્ટ્રી જાતે જણાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ ગામના થતા હોય વર્ષોથી ઓળખે છે અને તેઓ સાથે તેમને કોઈ દિવસે કોઈપણ કારણસર કોઈ ઝઘડો કે બોલાચાલી થયેલી નહી.

- આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, બનાવ વખતે તેઓ ઘરે હતા અને તેમના કાકાને ઝઘડો થયેલાની જાણ થતા સ્થળ પર ગયેલા ત્યારે સામાન્ય બોલાચાલી થતી હતી. જેમાં આરોપીઓ અંદરો–અંદર વાતો કરતા હોય ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હોય દોડા દોડીમાં પડી જતા

તેઓને ઈજા થયેલાનું જણાઈ આવે છે. આ કામના આરોપીઓ ધ્વારા કરવામાં આવેલા હોવા અંગેનો કોઈ પુરાવો જણાઈ આવતો નથી. તેઓએ ડૉકટરને બનાવની કોઈ હીસ્ટ્રી જણાવેલ નથી. આરોપીઓ ગામના થતા હોય ઓળખે છે. આમ, આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ હોવા છતાં તેઓના પુરાવાથી આ કામના આરોપીઓ સામેના આક્ષેપીત હકીકતો પુરવાર થતી નથી.

**૧૩.૩** ફરીયાદ પક્ષ તરફથી (PW-3) સાહેદ કૌશીકભાઈ દિનેશભાઈ પટેલને આંક−૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવાને જોવામાં આવે તો, તેઓ ધારીસણા ગામે પરિવાર સાથે રહી ખેતી કામ કરે છે. ફરીયાદી બાબુજી સોમાજી તથા આરોપીઓ ગામના હોવાથી ઓળખે છે. બનાવ બારેક માસ પહેલા બનેલો. તે દિવસે પૈસાની લેણદેણ બાબતે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજુ કંઈ બનેલ નહી. તેમની હાજરીમાં આરોપીઓએ છરા વડે ઈજા કરેલ હોય અને ધમકીઓ આપેલ હોય તેવું બનેલ નથી. બાબુજીએ ફરીયાદ આપતા પોલીસે તેમનું નિવેદન લીધેલું.

- આ સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા નથી. ફરી ગયેલા જાહેર કર્યા બાદ સરકાર તર્ફે ઉલટ તપાસ કરવા છતાં પણ ફરીયાદની હકીકતને સમર્થન કારી કથનો જણાવતા નથી.

- આ સાહેદની બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યો ત્યારે તેઓ ઘરે હાજર હોય હાલનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે બનાવ બાબતે તેઓને કોઈ જાત માહીતી નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તેમને વાતોવાતથી જાણવા મળેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી અને આરોપીઓ ગામમાં રહેતા હોય વર્ષોથી ઓળખે છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમનું નામ−સરનામું પુછેલું તે સિવાય બીજી કોઈ હકીકત પુછેલ નહી કે તેઓએ પોલીસને લખાવેલ નહી.

- આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, ફરીયાદી અને આરોપીઓ ગામના થતા હોય ઓળખે છે. તેઓએ સદર બનાવ બનતા નજરે જોયેલ નહોય, તેઓને બનાવની જાત માહીતી નહોય આ સાહેદનો પુરાવાની આ કામના આરોપીઓ સામેના આક્ષેપીત હકીકતો પુરવાર થતી નથી.

**<u>મેડીકલ ઓફીસરનો પુરાવો :–</u>**

**૧૩.૪** ફરીયાદ પક્ષ તરફથી (PW-4) મેડીકલ ઓફીસર કૌશીક એસ.પ્રજાપતિને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવાને જોવામાં આવે તો, તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ સી.એચ.સી.રખિયાલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતી ત્યારે યાદી વગર દર્દી બાબુજી સોમાજી પરમાર બપોરે ૩.૧૫ કલાકે તેમની હોસ્પિટલમાં સારવાર માટે આવતા તેમને એમ.એલ.સી. કેસનં.૪૩/૨૦૨૪ થી તપાસેલ જેના કેસ પેપર્સ આંક–૨૧ થી રજુ છે. દર્દીને હીસ્ટ્રી પુછતા જણાવેલ છે કે, ''બે–ત્રણ અજાણ્યા મુસ્લીમ વ્યકિતઓએ ધારદાર ખંજર વડે ધારીસણા ગામે બપોરે ૨.૦૦ વાગ્યે તા.૧૦/૩/૨૦૨૪ ના રોજ હુમલો કરેલો.''

- દર્દી સભાન અવસ્થામાં હતો, પલ્સ અને બીપી નોર્મલ હતા. બીપી વધારે લાગતા તેની સારવાર કરેલી. દર્દીને તપાસતા જમણા કાનના ઉપરના ભાગે ચામડી ઉખડી ગયેલી હતી. તે સિવાય બીજી કોઈ ઈજા હતી નહી.દર્દીની આઉટડોર પેશન્ટ તરીકે સારવાર કરી રજા આપવામાં આવેલી. દર્દીને તપાસ્યા અંગેનું આંક–૨૨ વાળું સર્ટીફિકેટ આપેલું જેમાં તેમની સહી અને સિકકો કરેલ છે.

- તે જ દિવસે કુલાજી મનુજી પરમાર બપોરે ૩.૨૧ કલાકે પોલીસ યાદી વગર તેમની હોસ્પિટલમાં સારવાર માટે આવતા તેમને એમ.એલ.સી. કેસનં.૪૩/૨૦૨૪ થી તપાસેલ જેના કેસ પેપર્સ આંક–૨૩ થી રજુ છે. દર્દીને હીસ્ટ્રી પુછતા જણાવેલ છેકે, ''બે–ત્રણ અજાણ્યા મુસ્લીમ વ્યકિતઓએ ધારદાર ખંજર વડે ધારીસણા ગામે બપોરે ૨.૦૦ વાગ્યે તા.૧૦/૩/૨૦૨૪ ના રોજ હુમલો કરેલો.''

- દર્દીને તપાસતા ડાબા ગાલ ઉપર ઉઝરડો હતો. તેમની સારવાર કરી રજા આપવામાં આવેલી. દર્દીને તપાસ્યા અંગેનું આંક–૨૪ વાળું સર્ટીફિકેટ આપેલું જેમાં તેમની સહી અને સિકકો કરેલ છે.

- દર્દીને થયેલી ઈજાઓ ધારદાર હથિયાર છરા જેવાથી થઈ શકે. જે આર્ટીકલ નં.૪,૫ જેવા હથિયાર વડે પણ થઈ શકે તેવી હતી.

- આ સાહેદની બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દીઓ સાથે તેમના સગા વહાલાઓ પણ હતા.

એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દીઓએ આપેલી હીસ્ટ્રીમાં આરોપીઓના નામ લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દીઓને થયેલી ઈજાઓ સામાન્ય રીતે કોઈ માણસ પડી જાય તો પણ થઈ શકે. એ હકીકતનો સ્વીકાર કરેલ છેકે, દર્દીઓને થયેલ ઈજાઓ સામાન્ય પ્રકારની હતી.

- આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા ઈજા પામનાર બન્ને સાહેદોને સામાન્ય ઈજાઓ થયેલાનું જણાઈ આવે છે. જે આ કામના આરોપીઓએ કરેલ હોવાનું જણાઈ આવતું નથી.

**<u>પોલીસ સાહેદ તથા તપાસ કરનાર અમલદારનો પુરાવો :-</u>**

**૧૩.૫** ફરીયાદ પક્ષ તરફથી (PW-5) હે.કો. ખોડાભાઈ કરણાભાઈ ભરવાડને આંક-૩૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવાને જોવામાં આવે તો, તેઓ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ પર હતા ત્યારે ર્ડાકટર કૌશિક પ્રજાપતિએ આંક-૩૧ વાળી વર્ધી લખાવતા લખી લઈ તપાસ હે.કો. અશ્વિનભાઈ કોદરભાઈને સોંપેતા તેઓએ ફરીયાદી બાબુજી સોમાજી પરમારની રૂબરૂ ની ફરીયાદ ગુનો રજીસ્ટર થવા આંક-૩૨ ના સુચીપત્ર સાથે સોંપતા રખિયાલ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુના રજી. નં.૬૩/૨૦૨૪ થી ગુનાની નોંધ કરી સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૧/૨૦૨૪ ના કલાક ૧૭.૦૦ વાગ્યે નોંધ કરી આગળની તપાસ પી.એસ.આઈ. ગઢવીને મોકલી આપેલી. સ્ટેશન ડાયરી આંક-૩૩ થી રજુ છે. અને આંક-૩૪ થી એફ.આઈ.આર.ની નકલ રજુ છે.

- આ સાહેદની બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે ફરીયાદ રજીસ્ટર કર્યા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

- આમ, આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા તેઓએ ફકત ફરીયાદ રજીસ્ટર કરેલ છે તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

**૧૩.૬** ફરીયાદ પક્ષ તરફથી (PW-6) પી.એસ.આઈ. મહેશકુમાર મનુભાઈ ગઢવીને આંક-૩૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવાને જોવામાં આવે તો, તેઓ તા.૧૦/૦૩/૨૦૨૪

ના રોજ એ.ટી.એસ. ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતા ત્યારે સદરહું ગુનાની તપાસ તેમને આંક–૩૧ ના ટેલીફોન વર્ધી, આંક–૩૨ ના સુચીપત્ર, આંક–૧૫ ની ફરીયાદ સાથે મળતા રાયોટીન નો ગુનો બનતો હોય ગુનાવાળી જગ્યાએ જઈ પંચો રૂબરૂ આંક–૨૫ ની વિગતે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઈ, ફરીયાદીએ બનાવ સમયે પહેરેલ કપડા પંચો રૂબરૂ આંક–૨૬ ના પંચનામાની વિગતે કબજે કરેલ. તેમજ તા.૧૨/૩/૨૦૨૪ ના રોજ આરોપીઓ પોલીસ સ્ટેશન હાજર થતા તેઓને અટક કરી આંક–૨૮ ની વિગતે તેમની શરીર સ્થિતિનું પંચનામું કરેલ. મારક હથિયાર તથા કપડા શોધી બતાવવાનું કહેતા તે અંગેનું પ્રાથમિક પંચનામું કરી હથિયાર તથા કપડા કબજે કર્યા અંગેનું આંક–૨૭ ની વિગતે પંચનામું કરી આરોપીઓને સમય મર્યાદામાં અદાલતમાં હાજર કરેલા. તેમજ ફરીયાદી તેમજ ઈજા પામનારના આંક–૨૨ અને ૨૪ વાળા સારવાર સર્ટીફિકેટ મેળવેલ. તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર ગુનામાં વાપરેલ મારક હથિયાર બતાવતા આંક–૨૯ ના પંચનામાની વિગતે કબજે લઈ, મુદ્દામાલ એફ.એસ.એલ. મોકલવવાની કાર્યવાહી કરી, એફ.એસ.એલ.નો રીપોર્ટ મેળવી કામમાં સામેલ રાખી, હથિયારબંધીનું જાહેરનામું મેળવી કામમાં સામેલ રાખી, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા અદાલતમાં ચાર્જશીટ કરેલ. તેમજ આરોપીઓને અદાલત રૂબરૂ હાજર હોવાનું ઓળખી બતાવેલ છે.

- આ સાહેદની બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવેલ છે. જેમાં તેઓએ ફરીયાદીનું વિશેષ નિવેદન તેમના લખાવ્યા મુજબ, સાહેદોના નિવેદન તેમની જાતે ફરીયાદને અનુરૂપ લખેલાનું કે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં તેમને ખોટી રીતે અટક કરી ખોટું ચાર્જશીટ કરેલાનો ઈન્કાર કરેલ છે.

**<u>રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન :–</u>**

**૧૪.** ફરીયાદપક્ષ તર્ફે આ કામના આરોપી સામે એવો આક્ષેપ છે કે, બનાવ સમયે સાહેદ અરવિંદ ભાઈ સુથાર સાથે ઘોડાની જીન (સીટ) રીપેરીંગ ની મજુરી બાબતે ગાળા–ગાળી કરતા હોઈ, ફરીયાદીએ આરોપીઓ સામે ધાર્મિક પ્રસંગ ચાલુ હોય ગાળા–ગાળી નહી કરવાનું કહેતા તમામ આરોપીઓ એકસંપ થઈ, મંડળી રચી, હથિયાર ધારણ કરી, તા.૧૦/૩/૨૦૨૪ ના કલાક ૧૪.૦૦ ના

સુમારે મોજે ધારીસણા ગામે, બળીયાદેવના મંદિરની સામે, અરવિંદભાઈ સુથારની ફ્રેબિકેશનની દુકાનની આગળ આવી ફરીયાદી સાથે ગાળા–ગાળી કરી આરોપી નં.૨ અશ્ફાક મલેકે ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે પોતાના હાથમાંના ખંજર (છરો) ફરીયાદીને ગળાના ભાગે મારવા જતા ફરીયાદી નમી જતા ખંજર (છરો) જમણા કાને મારી ફરીયાદીને ગંભીર ઈજાઓ પહોંચાડી ગડદાપાટુનો માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલાનો આક્ષેપ છે.

- ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાને સારાંશ તરીકે જોવામાં આવે તો, આ કામે બનાવ નજરે જોનાર તથા ઈજા પામનાર સાહેદનો પુરાવો સૌથી મહત્વનો અને વિશ્વાસપ્રેરે તેવો ગણી શકાય.

- આ કામે મહત્વના એવા ફરીયાદી/ઈજા પામનારે આંક–૧૪ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે આરોપીઓ અંદરો–અંદર વાતો કરતા હોય અને માણસોનું ટોળું ભેગું થઈ ગયેલ હોય દોડા–દોડીમાં તેઓ નીચે પડી જતા તેઓને ઈજા થયેલાનું જણાઈ આવે છે. તેઓએ પોલીસને ફરીયાદ આપેલ નથી. પરંતુ પોલીસે તેમની તૈયાર કાગળમાં સહી લીધેલ છે જેમાં શું લખેલ છે તે પણ તેઓને ખબર નથી. આરોપીઓ ગામના થતા હોય ઓળખે છે. તેમજ આંક–૧૬ ના ઈજા પામનાર સાહેદ કે જેઓ ફરીયાદીના ભત્રીજા થાય છે તેઓના પુરાવાથી પણ તેઓને બનાવની જાણ થતા બનાવ સ્થળે ગયેલા ત્યારે આરોપીઓ અંદરો–અંદર વાતો કરતા હતા અને ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હોય દોડા દોડીમાં પડી જતા ઈજા થયેલાનું જણાઈ આવે છે. આમ, આ બન્ને સાહેદના બનાવ નજરે જોનાર સાહેદ હોવા છતાં તેઓના પુરાવાથી આ કામના આરોપીઓ વિરુધ્ધની આક્ષેપીત હકીકતો પુરવાર થતી નથી.

- આંક–૨૦ ના મેડીકલ ઓફીસરનો પુરાવાથી ઈજા પામનાર સાહેદોને ઈજાઓ થયેલાનું જણાઈ આવે છે પરંતુ તે આ કામના આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ હોવાનો કોઈ પુરાવો જણાઈ આવતો નથી. તેમની રૂબરૂ ની હીસ્ટ્રીમાં આરોપીઓના નામ લખાવેલ નથી. વધુમાં આ સાહેદના ઉલટ તપાસ પુરાવાથી ઈજા પામનાર સાહેદોને થયેલી ઈજાઓ સામાન્ય રીતે કોઈ માણસ પડી જાય તો પણ થઈ શકે. તેમજ થયેલ ઈજાઓ સામાન્ય પ્રકારની હતી. આમ, મેડીકલ ઓફીસરના પુરાવાથી ઈજા

પામનાર સાહેદોને થયેલ ઈજાઓ આ કામના આરોપીઓ દ્વારા જ કરવામાં આવેલાનું જણાઈ આવતું નથી. આમ, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદના પુરાવાથી પણ બનાવ સમયે આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૨ અશ્ફાક મલેકે ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ખંજર (છરો) ફરીયાદીને ગળાના ભાગે મારવા જતા ફરીયાદી નમી જતા ખંજર (છરો) જમણા કાને મારી ફરીયાદીને ગંભીર ઈજાઓ પહોંચાડી ગડદાપાટુનો માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલાની હકીકતને સમર્થન મળતું નથી.

- આ કામે આંક–૨૫ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૨૬ થી ફરીયાદીએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેનું પંચનામું, આંક–૨૭ થી ઓોપીએ હથિયાર તથા કપાડ બતાવતા કબજે કર્યા અંગેનું પંચનામું, આંક–૨૮ થી આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું, આંક–૨૯ થી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરે ગુનામાં વાપરેલ મારક હથિયર રજુ કરતા કબજે કર્યા અંગેનું પંચનામું વિગેરે રજુ કરવામાં આવેલ છે પરંતુ તે રજુ કરવા માત્ર થી તે પુરવાર થયેલાનું માની શકાય નહી. તેને સચોટ પુરાવાથી પુરવાર થવા જોઈએ.

- આંક–૩૦ અને આંક–૩૫ ના પોલીસ સાહેદના પુરાવાથી તેઓએ કરેલ કાર્યવાહીને સમર્થન કારક પુરાવો રજુ રાખેલ છે પોલીસ સાહેદો તેમની કાર્યવાહીને સમર્થન કારક પુરાવો રજુ રાખેલ છે પરંતુ તેમની કાર્યવાહીને ફરીયાદી, ઈજા પામનાર સાહેદના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું ન હોય ત્યારે તેમનો પુરાવો અન્ય સાહેદના સમર્થન કારક પુરાવા વગર ગ્રાહય રાખી શકાય નહી.

- આમ, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદના પુરાવાથી પણ બનાવ સમયે આ કામના આરોપી નં.૨ અશ્ફાક મલેકે ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ખંજર (છરો) ફરીયાદીને ગળાના ભાગે મારવા જતા ફરીયાદી નમી જતા ખંજર (છરો) જમણા કાને મારી ફરીયાદીને ગંભીર ઈજાઓ પહોંચાડી ગડદાપાટુનો માર મારી, ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલાની કે આ કામે કબજે કરવામાં આવેલ મારક હથિયાર વડે જીવલેણ હુમલો કરી ઈજાઓ પહોંચાડેલાની હકીકતને સમર્થન મળતું નથી.કે ઈજા પામનાર ફરીયાદી અને સાહેદના પુરાવાથી મારક હથિયારની ઓળખ પુરવાર થતી નથી.

- વિશેષમાં, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ બનાવના સમય દરમ્યાન આ કામના આરોપીઓએ તા.૧૦/૩/૨૦૨૪ ના રોજ સાહેદ અરવિંદભાઈ સુથાર સાથે ઘોડાની જીન (સીટ) રીપેરીંગની મજુરી બાબતે ગાળા-ગાળી કરતા કરતા હોઈ, ફરીયાદીએ આરોપીઓ સામે ધાર્મિક પ્રસંગ ચાલુ હોય ગાળા-ગાળી નહી કરવાનું કહેતા તમામ આરોપીઓ એકસંપ થઈ, મંડળી રચી, હથિયાર ધારણ કરી, તા.૧૦/૩/૨૦૨૪ ના કલાક ૧૪.૦૦ ના સુમારે મોજે ધારીસણા ગામે, બળીયાદેવના મંદિરની સામે, અરવિંદભાઈ સુથારની ફ્રેબિકેશનની દુકાનની આગળ આવી ફરીયાદી સાથે ગાળા-ગાળી કરી આરોપી નં.ર અશ્ફાક મલેકે ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે પોતાના હાથમાંના ખંજર (છરો) ફરીયાદીને ગળાના ભાગે મારવા જતા ફરીયાદી નમી જતા ખંજર (છરો) જમણા કાને મારી ફરીયાદીને ગંભીર ઈજાઓ પહોંચાડી ગડદાપાટુનો માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગાંધીનગરના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૪૩,૧૪૭,૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના તત્વો ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**૧૫.** ઉપરોકત સમગ્ર ચર્ચાને ધ્યાને લેતાં હાલના કેસમાં ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ સાતત્ય પૂર્ણ અને વિશ્વાસપ્રેરે તેવા પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું ઠરાવી મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક આપી મુદ્દાનં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**૦૧.** આ કામના આરોપી નં.**(૧) ગુલામનબી મુસ્તુફામીયા ઉર્ફે મુસાભાઈ મલેક,ઉ.વ.૪૨, નં.(૨) અશ્ફાક ગુલામનબી મલેક,ઉ.વ.૨૦, નં.(૩) મહંમદ સહેજાદ ગુલામનબી મલેક,ઉ.વ.૨૨, નં.(૪) સમીરમીયા સન/ઓ ગુલાબમીયા અહેમદમીયા મલેક, ઉ.વ.૨૧,** તમામ રહે. રહે. ધારીસણા, ગામ, મસ્જીદના પાછળ સીદી વાસ, તા.દહેગામ, જી.ગાંધીનગર વાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૩૫(૧) મુજબના રખીયાલ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુના રજી. નં. ૧૧૨૧૬૦૧૨૨૪૦૦૬૩/૨૦૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭,૩૨૩,૫૦૪,

૫૦૬(૨),૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૨.** આ કામે કબ્જે કરવામાં આવેલ તમામ મુદ્દામાલ મારક હથિયાર અપીલ સમય બાદ કાયદેસરની કાર્યવાહી કરી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૩.** **આ** કામના આરોપીઓએ આપેલ અગાઉના જામીન આથી રદૃ કરવામાં આવે છે.

**૦૪.** આ કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ અન્વયે આ કામના દરેક આરોપીએ રૂા. ૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અપીલ સમય સુધીના રજુ કરવા.

આ હુકમ આજ તારીખ**–૧૩મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૧૩/૦૩/૨૦૨૬
ગાંધીનગર.

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**/PSP/**